## હા... સાહેબ !

"સાંભળ્યો ને ધડાકો..?!"

"તમને કેમ ધડાકા ને ભડાકા જ સંભળાય છે..?! કયા ધડાકાની વાત કરો છો..?!"

"અરે... તમારા જ મોટા માથા તરીકે ઓળખાતા અને પૂર્વ નાણામંત્રી યશવંતસિંન્હાએ સંભળાવી દીધું ને..?!"

"શું... શું... શું...?! શું સંભળાવ્યું..?!"

"ઓ...હો... તમે તો જાણે કંઈ જાણતા જ નથી... એવો ડોળ કરો છો..!! યશવંત સિંહાએ આજે એક ઈન્ટરવ્યુમાં કહ્યું, અરૂણ જેટલીની આર્થિક નીતિના કારણે જીડીપી તળીયે પહોંચ્યો છે..!"

"તમને દર વખતે જીડીપી-જીડીપી જ દેખાય છે..! તમને બીજું કંઈ દેખાતું જ નથી..!"

"અરે... સાહેબ તમે કેમ સમજતા નથી..?! તમે વિકાસના ગાણા ગાઓ છો એટલે વિકાસ તરફી જ વાત થાય ને..?! તમારા બણગા તો એવા હતાં... કે જીડીપી દસ ટકાએ પહોંચશે..! પણ આ તો કોથળામાંથી બિલાડુ નીકળ્યું..!! અને ૫.૭ ટકાએ પહોંચ્યો..!! અને તમારા સિંહાસાહેબ જ કહે છે કે જુની પદ્ધતિથી ગણવામાં આવે તો હાલનો જીડીપી ૩.૭ ટકા છે."

"આ તો દુ:ખે છે પેટ - અને કૂટે છે માથું..!! મંત્રીમંડળમાં એમના દિકરાને ના લીધા એટલે પોરા કાઢી કાઢીને દુનિયાને બતાવે છે..!! બધા ઓછા ગાંડા છે..?!"

"ના...ના... ખાલી વિકાસ જ ગાંડો થયો..!! આ તો સરકારી આંકડા પરથી નીકળતો દર છે એમાં આટલા બધા તપી શેના જાઓ છો..? હું નથી કહેતો કે તમે નથી સાંભળતા... એ વાતને બાજુ પર મુકીએ... દેશના અર્થશાસ્ત્રીઓ કહે છે..!"

"એ તો બધા કોંગ્રેસવાળા છે..!!"

"ખરા છે તમારા કાટલા..!! તમારી સ્હેજપણ ટીકા કરે એટલે એ કોંગ્રેસવાળા... એ રાષ્ટ્રદ્રોહી... અને જે તમારી તરફેણ કરે એ રાષ્ટ્રભક્ત..!! એ દેશનો ચિંતક..!!"

"આવું ના હોય સાહેબ..!!"

"એવું કાંઈ છે જ નહિ..! તમે તમારા ચશ્માથી દુનિયાને જુઓ છો..!! દુનિયા આખી ભરપેટ વખાણ કરે છે..!! અને દુનિયા માને છે કે આગામી દાયકો ભારતનો હશે..!!"

"હા... હા... દુનિયા માને છે, પણ આવી રાજનીતિથી નહીં... આવી આર્થિક નીતિથી નહિં... આવા દેકારાને પડકારાથી નહીં... કે આવી કુટીલ નીતિથી નહિં..!!"

"...હં... હું સમજુ છુ તમને શું ખુંચે છે... અને શું ખટકે છે..!! તમારો પક્ષ તુટી રહ્યો છે એનું ટેન્શન તમને સતાવે છે..! કોઈ નીતિનું ટેન્શન નથી..!!"

"સાહેબ એમ ગણો તો એમ..! પણ એમાંય સત્ય છે..! વિરોધ પક્ષ વિનાનો સત્તા પક્ષ ક્યારેય શોભતો જ નથી..!! અને યાદ કરો તમારા જ પક્ષના મોભી અને લોકપ્રિય પૂર્વ પ્રધાનમંત્રીના શબ્દો..."

● અનુસંધાન પાન-૭ પર



ઉત્સવો ઉજવવાની સહુ કોઈને આગવી પદ્ધતિ છે. પર્વોની પરંપરામાં અહીં વ્યક્તિગત શોખ અને કલાત્મક દૃષ્ટિકોણ નવું પરિમાણ ઉમેરે છે. આ નવદુર્ગાની આરાધનાનું પર્વ-નવરાત્રી ધામધૂમની સાથે નાવીન્યપૂર્ણ રીતે નગરમાં ઉજવાઈ રહ્યું છે. ચૌદિશાઓમાં વિકસી રહેલા ગાંધીનગરમાં શેરી ગરબા-સેક્ટર ગરબા ઉપરાંત સોસાયટી ગરબાઓનો એક આખો નવો વિભાગ ઉમેરાયો છે. અમદાવાદની જેમ હવે નવા વિકસી રહેલા ગાંધીનગરમાં સોસાયટીઓના ગરબા પણ ગણાવા અને વખાણવા માંડ્યા છે. દરેક સોસાયટીઓ પોતપોતાના ગરબાના સુંદર આયોજનો કરે છે. ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા પાસે આવેલી સિદ્ધરાજ ઝોલ્ડ સોસાયટીના વસાહતીઓ દરરોજ માતાજીની સન્મુખ ફૂલોની નયનરમ્ય રંગોળી રચે છે. દીવડાઓના ઝગમગાટ સાથે ફૂલડાં નવી જ ભાત રચે છે. સિદ્ધરાજ ઝોલ્ડની બહેનો દરરોજ સાંજથી સુંદર શ્રમ શરૂ કરે છે અને રાત પડતાં ફૂલોની રંગોળી રચે છે અને પછી એ રંગોળીને ફરતાં ગરબે ઘૂમે છે...

# ડોર ટુ ડોર કલેક્શનની કામગીરી એકાદ દિવસમાં જ પૂર્વવત્ થશે

### સ્થાયી સમિતિની બેઠકમાં એજન્સીએ રૂબરૂમાં ખાત્રી આપી : બોટીંગના રિનોવેશનને લઈ બોટીંગની કામગીરી સંભાળતા કર્મચારીઓને ટુંકા સમય માટે છુટા કરાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિ સમક્ષ ડોર ટુ ડોર કલેક્શનની કામગીરી સંભાળતી એજન્સીના સંચાલકોએ રૂબરૂ મળી અને એકાદ દિવસમાં જ કામગીરી સઘન કરી દેવાશે તેવી ખાત્રી આપી હતી.

આજની આ બેઠકમાં એજન્સીએ જણાવ્યુ હતુ કે આ કામગીરી માટે નવા વાહનો પણ આવી ગયા છે અને એકાદ દિવસમાં જ પુન: કામગીરી પહેલાં જેવી જ પૂર્વવત બની જશે.

આ બેઠકમાં સે. ૯ થી ૮ના આંતરિક માર્ગો માટે મ્યુનિ. ફાયનાન્સ બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ રૂ. ૫ કરોડની ગ્રાન્ટ માર્ગ મકાન વિભાગના કેપીટલ પ્રોજેક્ટ હસ્તક મુકી દેવામાં આવી છે. આ માર્ગ દુરસ્તીના કામો દિપાવલી પૂર્વે પૂર્ણ થઈ જાય તે જોવા માટે પણ માર્ગ-મકાન વિભાગને સૂચના પણ આપવામાં આવી છે.

બેઠકમાં સે. ૨૮ના બાલોદ્યાનમાં ચાલતા બોટીંગની કામગીરી હાલ રિનોવેશન હેઠળ હોવાથી આ કામગીરી સંભાળતા કર્મચારીઓને ટુંકાગાળા માટે ફરજમાંથી મુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ કામગીરી સંપન્ન થતાં ૪ થી ૫ મહિના જેટલો સમય લાગે તેમ હોવાથી સમિતિએ આજે આ નિર્ણય કર્યો છે. સે. ૨૮ના બાલોદ્યાનની રિનોવેશનની હાલ ચાલી રહેલી કામગીરીની પણ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર કલેક્શનની વ્યવસ્થા છેલ્લા થોડાક વખતથી કથળી હતી. અને વાહનો પણ ખોટકાયા હોવાથી છેલ્લે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન પાસેથી વાહનો મેળવી વ્યવસ્થા પુન: ઉભી કરવાનો પ્રયાસ કરાયો છે.

# ચામાચીડીયાની જેમ કોંગ્રેસને પણ વિકાસ દેખાતો નથી : રૂપાણી

### ગુડા વિસ્તારમાં ૨૧૭ કરોડના કામોનુ લોકાર્પણ ખાતમુહુર્ત : આવાસ યોજના, બગીચા, એમ્યુઝમેન્ટ પાર્ક તેમજ પાણી ગટરના વિવિધ કામોનુ મુખ્યમંત્રીએ ખાતમુહુર્ત કર્યુ : ગુજરાતનો વિકાસ દુનિયાએ સ્વીકાર્યો છે

ગાંધીનગર તા ૨૭

ગુડા વિસ્તારમાં આજે ૨૧૭ કરોડના વિકાસ કામોનુ લાકાર્પણ - ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ઉપસ્થિત રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાંવ્યુ હતુ કે દરેક વ્યક્તિના જીવનમાં પોતાનુ મકાન એક સ્વપ્ન હોય છે. ભાજપે આમ નાગરિકોને ઘરના ઘર આપવાનુ કામ કર્યુ છે. પરંતુ ચામાચિડીયાને સુરજ ન દેખાય તેમ કોંગ્રેસને વિકાસ દેખાતો નથી. કોંગ્રેસ વિકાસથી ગાંડી અને રઘવાઈ થઈ છે. ગુજરાતનો વિકાસ દુનિયાએ સ્વીકાર્યો છે. તેમ જણાંવતા મુખ્યમંત્રીએ ગુડા વિસ્તારમાં નવી આવાસ યોજના અન્વયે ડ્રો તેમજ લોકાર્પણ કર્યુ હતુ. આ દરમિયાન ગુડા વિસ્તારમાં નવા ૧૨ બગીચાઓ, એમ્યુઝમેન્ટ પાર્ક, રંગમંચ તેમજ પાણી ગટરના વિવિધ કામોનુ પણ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ આયોજિત કાર્યક્રમ દરમિયાન આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ગુડા વિસ્તારમાં કુલ ૨૧૭ કરોડના કામોનુ ખાતમુહુર્ત તેમજ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે વિવિધ કામોના લોકાર્પણની તક્તિનુ અનાવરણ કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાંવ્યુ હતુ કે ભાજપ સરકાર આમ નાગરિકોના સ્વપ્ન સાકાર કરવાનુ કામ કરે છે. ભાજપ જે કહે છે. તે કરે છે. અને જેટલુ કરી શકાય તેટલુ જ કહે છે. મકાનનુ સ્વપ્ન સાકાર કરવા માટે વ્યક્તિ પોતાના જીવનની આખી મુડી બચાવે છે. ઘરનુ ઘર અને ફળીમાં નળ તે દરેક વ્યક્તિનુ સ્વપ્ન હોય છે.




કરોડનુ બજેટ હતુ. જયારે છેલ્લા ૧૫ વર્ષમાં ૧.૭૨ લાખ કરોડ સુધી વિકાસનુ બજેટ પહોંચ્યુ છે. રાજયમાં ગોધરાકાંડ બાદ ૧૫ વર્ષમાં બજેટમાં ૧ લાખ ૭૨ હજાર કરોડ વિકાસ કામ માટે વાપરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. વર્ષ ૧૯૯૫ દરમિયાન માત્ર ૭ હજાર એકપણ કોમી તોફાન થયુ નથી. કોંગ્રેસના શાસનકાળમાં પાણી માટે બેડાયુધ્ધ થતુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## કોબામાં આજે મુખ્યમંત્રી સ્માર્ટ ક્લાસનું લોકાર્પણ કરશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરને અડીને આવેલ કોબા ગામની સરકારી શાળામાં આજે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સ્માર્ટ ક્લાસનું લોકાર્પણ કરશે.

સવારે ૧૦ વાગે આ લોકાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ સ્માર્ટ ક્લાસરૂમમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ગામના દાતા દ્વારા જ આ ક્લાસરૂમમાં બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે માટે તૈયાર કરવામાં આવેલ છે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે આ ક્લાસરૂમનું લોકાર્પણ થવાનું હોવાથી ગામમાં અનેરો ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

## કલેક્ટર કચેરીમાં જનસંપર્ક અધિકારીની નિમણુંક કરાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં જનસંપર્ક અધિકારીની નવી જગ્યા ઉભી કરવામાં આવી છે. ત્રણ વર્ષ કરતાં પણ વધુ સમય બાદ સરકારે આ જગ્યાને મંજૂરી આપી છે.

રાજ્યના મહેસુલ વિભાગે આજે મામલતદાર સંવર્ગની કરેલ બદલીના હુકમોમાં આ જગ્યા ઉભી કરવામાં આવી હોવાની બાબત જણાવી છે.

રાજકોટ કલેક્ટર કચેરીમાં જનસંપર્ક અધિકારી તરીકે ફરજો બજાવતા આઈ.એમ. ઝાલાની બદલી ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે ઉભી કરાયેલી આ જગ્યા પર નિમણુંક આપી કરવામાં આવી છે. જો કે ગાંધીનગર કલેક્ટર કચેરીમાં મામલતદાર સંવર્ગની જે જગ્યાઓ ખાલી છે તેના પર કોઈની નિમણુંક કરવામાં આવી નથી.

## સે. ૪માંથી સ્વાઈન ફ્લુના કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સે. ૪માંથી આજે એક સ્વાઈન ફ્લુનો પોઝીટીવ કેસ મળી આવ્યો છે. એક સપ્તાહ જેટલા સમયબાદ પુન: સ્વાઈન ફ્લુનો કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો મુજબ આ દર્દીને સારવાર માટે ગાંધીનગર નજીકની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં અત્યાર સુધીમાં કુલ કેસ ૫૩ થયા છે. આ એક માત્ર હાલ દર્દી સારવાર હેઠળ છે. બાકીના દર્દી રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુથી પાંચ દર્દીના અત્યાર સુધીમાં મૃત્યુ થયા છે.



એક વણઝારી ઝુલણ ઝુલતી તી... - મા-આશક્તિની આરાધનાના પર્વ નવરાત્રીના છઠ્ઠા દિવસે ગાંધીનગરમાં યુવા ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા હતા... મોડીરાત સુધી ખેલૈયાઓના રાસ-ગરબાની રમઝટથી નગરનો માહોલ બદલાઈ જાય છે... અવનવા ડિઝાઈનવાળા વસ્ત્રો, છત્રીઓ સાથે ગરબે ઘુમતા ખેલૈયાઓએ ભારે આકર્ષણ જમાવ્યું હતું....

# સે-૨૬ કિસાનનગર સોસાયટીમાં છેલ્લા એક સપ્તાહથી પાણી ફોર્સથી આવતુ નથી

### સેકટરમાં નવો બોર બનાવાયા બાદ પણ પાણીની પોકાર યથાવત : રહીશોએ તંત્ર સમક્ષ રજુઆત કરી

ગાંધીનગર તા ૨૭

શહેરના નવા અને જુના સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી પાણીનો પ્રશ્ન હલ થતો નથી. સમયાંતરે સેકટરોમાં પાણીની પોકરા ઉઠતી રહે છે. ગરમીના દિવસોના અંતે પણ સેકટરોમાં પાણીની સમસ્યા પેચીદી બની છે. સેકટરોમાં વધતી વસતી વચ્ચે પાણી વિતરણ વ્યવસ્થા પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. આવા સંજોગોમાં સેકટરે સેકટરે છાશવારે પાણી ફોર્સથી ન આવતુ હોવાનો આક્રોશ પ્રબળ બની રહયો છે. સે-૨૬ કિસાન નગર સોસાયટીમાં પણ છેલ્લા એક સપ્તાહથી પાણી ફોર્સથી આવતુ નથી. સેકટરમાં થોડા સમય અગાઉ નવો બોર પણ બનાવાયો છે.

યારે આ બોર પણ હાલ બંધ હોવાનુ સ્થાનિક વસાહતીઓએ જણાંવ્યુ છે.

શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા અંદાજિત એક દાયકા પુર્વે કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જો કે તે સમયે પણ શહેરની પાણી વિતરણ વ્યવસ્થાને પુર્ણ રીતે અપગ્રેડ કરવામાં આવી નથી. જયારે દાયકાઓ પુર્વેની પાણી વિતરણ વ્યવસ્થા સમય જતા હવે બિનઅસરકારક નિવડી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરમાં હાલ પર્યાપ્ત પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. ત્યારે પાણીની પોકાર પાછળ વિતરણ વ્યવસ્થા

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૨૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com